# FIRST INFORMATION REPORT

## પ્રથમ માહિતી અહેવાલ

## (Under Section 154 Cr.P.C.)

## (ફોજદારી કાર્યસંહિતાની કલમ 154 હેઠળ.)

1 District (જીલ્લો): રાજકોટ શહેર | Police Station (પોલીસ સ્ટેશન): રાજકોટ તાલુકા | Year (વર્ષ): 2024 | FIR No. (પ્ર.મા.અ.ક્રમાંક): 11208053240496 | Date (તારીખ): 26/05/2024

2 (i) Act (અધિનિયમ): આઈ પી સી | Sections (કલમો): 304,308,337,338,114

3 (a) Occurrence of offence:
(ક) (ગુન્હો બન્યાનો સમયગાળો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| Day. (દિવસ) | શનિવાર | Date from (તારીખથી) | 25/05/2024 | Date to (તારીખ સુધી) | 25/05/2024 |
| Time Period (સમયગાળો) | | Time from (કલાકથી) | 17:00 | Time to (કલાક સુધી) | 23:11 |

(b) (ખ) Information received at PS: (પોલીસ મથકે માહિતી મળ્યા) Date (તારીખ): 26/05/2024 Time (સમય): 03:00

(c) (ગ) General Diary Reference:Entry No. (સ્ટેશન ડાયરી સંદર્ભ: એન્ટ્રિ નં) Time (સમય)

4 Type of Information:(માહિતીનો પ્રકાર) પોલીસ સ્ટેશનમાં લખીને મોકલેલ

5 Place of Occurrence:
(ઘટનાનું સ્થળ)

(a) (ક) Direction and distance from P.S. (પોલિસ સ્ટેશનથી દિશા અંતર): દક્ષિણ,2.50 (કિ.મી.) Beat No. (બીટ નંબર)

(b) (ખ) Address (સરનામું): થાણાથી દક્ષિણે આશરે ૨.૫ કિ.મી દુર, ટી.આર.પી. ગેમ ઝોન સયાજી હોટલ પાછળ મોકાજી સર્કલ પાસે કાલાવડ રોડ રાજકોટ ( LAT 22.273589 LNG: 70.766338, રાજકોટ શહેર.

(c) In case, outside the limit of this Police Station, then
(ગ) (પોલીસ સ્ટેશનની હદની બહાર હોય તો તે પોલીસ સ્ટેશનનું નામ)

Name of P.S. (પોલીસ સ્ટેશનનું નામ) District (જીલ્લો)

6 Complainant/Informant:
(ફરિયાદી / બાતમીદાર)

(a) Name: શ્રી સ.ત. પ્રગ્નેશ (b) Father's/ બી. ત્રાજીયા

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (ક) | (નામ) | કુમાર બી. ત્રાજીયા | (ખ) | Husband's Name (પિતા/પતિનું નામ) | | |
| (c) (ગ) | Date/Year of Birth (જન્મ તારીખ / વર્ષ) | | 38 | (d) (ઘ) | Nationality (રાષ્ટ્રીયતા) | ભારતીય |
| (e) (ઙ) | | | | | | |
| (f) (ચ) | Occupation (ધંધો) | પોલીસ કર્મચારી | (g) (છ) | Address (સરનામું) | રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન રાજકોટ શહેર. , રાજકોટ શહેર. | |

7 Details of known/suspected/unknown accused with full particulars: (Attach seperate sheet, if necessary)
(ઓળખાયેલ/શકમંદ/વણઓળખાયેલ આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)
(જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી)

| Accused Name (તહોમતદારનું નામ) | Age(Approx.) (ઉમર) (આશરે) | Address (સરનામું) |
|---|---|---|
| (1) ધવલભાઇ ભરતભાઇ ઠક્કર | | |
| (2) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા | | |
| (3) કીરીટસિંહ જગદીશસિંહ જાડેજા | | |
| (4) પ્રકાશચંદ કનૈયાલાલ હીરન | | |
| (5) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી | | |
| (6) રાહુલ લલીતભાઇ રાઠોડ | | |
| (7) તપાસમાં ખુલે તે તમામ | | |

8 Reasons for delay in reporting by the complainant/Informant
(ફરિયાદી/બાતમીદાર તરફથી ગુન્હાની જાણ કરવામાં વિલંબ થવાના કારણો)

-

9 Particulars of properties stolen(Attach seperate sheet, if necessary)
(ચોરાયેલી/ગુન્હામાં સંડોવાયેલ ચીજ વસ્તુઓની વિગતો) (જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી).

10 Total value of property stolen
(ચોરાયેલી / ગુન્હામા સંડોવાયેલ ચીજ વસ્તુઓની કુલ કિમંત)

11 Inquest Report/U.D. case No. if any
(મ્રુત્યુ વિષયક તપાસ અહેવાલ / અકુદરતી મોતનો નંબર હોય તો તે)

12 First Information contents(Attach seperate sheet, if required)
(પ્રથમ માહિતી અહેવાલની વિગતો)(જરૂર જણાયતો અલાયદો કાગળ જોડવો)

ગુનો આઇ.પી.સી કલમ- ૩૦૪,૩૦૮,૩૩૭,૩૩૮,૧૧૪ મુજબ તે એવી રીતે કે આ કામના આરોપીઓ ટી.આર.પી. ગેમ ઝોનના સંચાલકો આરોપી ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર (૧) ધવલભાઇ ભરતભાઇ ઠક્કર તથા રેસ વે એન્ટરપ્રાઇઝના

ભાગીદારો (૨) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા (૩) કીરીટસિંહ જગદીશસિંહ જાડેજા (૪) પ્રકાશચંદ કનૈયાલાલ હીરન (૫) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી (૬) રાહુલ લલીતભાઇ રાઠોડ તથા તપાસમાં ખુલે તે તમામ ઇસમોએ આશરે ૫૦ મીટર પહોળુ તથા આશરે ૬૦ મીટર લાંબુ અને બે થી ત્રણ માળ જેટલુ ઉંચુ લોખંડ તથા પતરાનુ ફેબ્રીકેશનથી માળખુ ઉભુ કરી ગેમ ઝોન બનાવી આ ગેમ ઝોનમાં આગ લાગવાની ઘટના બને તો તેને પહોચીવળી આગને રોકી મનુષ્યજીવનને બચાવી શકાય તેવા કોઇ અસરકારક ફાયર ફાયટીંગના સાધનો રાખ્યા વગર ઉપરાંત અગ્નિશમન વિભાગની એન.ઓ.સી. કે પ્રમાણપત્ર મેળવ્યા વગર આ જોખમી જગ્યામાં ગેમ ઝોન ચલાવી ગેમ ઝોનમાં આગ લાગવાનો બનાવ બને તો આગ લાગવાથી સાદી / ગંભીર ઇજાથી લઇ માનવ મૃત્ય થવાની સતપ્રતિશત સંભાવના હોવાની જાણકારી હોવા છતા ગેમ ઝોન ચાલુ રાખી ઉપર મુજબની વિગતે ક્રમ નં(૧) થી ૨૮ માનવોના મૃત્યુ નિપજાવી સાહેદ (૧) ધુમીલભાઇ કેતનભાઇ કુજડીયા (૨) મનીષભાઇ રમેશભાઇ ખીમસુરીયા (૩) જીજ્ઞાબા વિરેન્દ્રસિંહ જાડેજા જો ત્યાથી સાદીઇજા તથા મહાવ્યથાઓ સાથે આ ગેમ ઝોનમાંથી નાસીભાગી નીકળેલ ન હોય તો તેઓના પણ મૃત્યુ સંભવ હતા તેવા જોખમમાં નાખી ગુનો કર્યા બાબત

Complaint(ફરિયાદ)

તા-૨૬/૦૫/૨૦૨૪

હું પ્રજ્ઞેશકુમાર ભીખાભાઇ ત્રાજીયા ઉવ-૪૮ પોલીસ સબ ઇન્સ. ધંધો- નોકરી સર્વેલન્સ સ્ટાફ , રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન, રાજકોટ શહેર મો.નંબર-૯૯૨૫૭૧૯૯૮૩

મારી શ્રી સ.ત.ફરીયાદ હકીકત એવી છે કે, આજરોજ અમો પો.સ્ટે. ખાતે હાજર હોય દરમિયાન કલાક-૧૭/૪૭ વાગ્યે પો.સ્ટે.ની પી.સી.આર. ૨૨ ના ઇન્ચાર્જ પો.કોન્સ. મહાવીરસિંહ જામભાએ અમોને ટેલીફોનીક જાણ કરેલ કે અત્રેના વિસ્તારમાં સયાજી હોટલ પાછળ આવેલ ટી.આર.પી. ગેમ ઝોનમાં આજરોજ તા-૨૫/૦૫/૨૪ ના આશરે ૧૭/૦૦ વાગ્યાના અરસામાં આગ લાગેલ હોવાની જાણ કરતા બનાવવાળી જગ્યાએ પોલીસ ઇન્સ. સા. તથા પોલીસ સ્ટાફના માણસો પો.હેડ કોન્સ. કુલદીપસિંહ મહીધરસિંહ તથા પો.કોન્સ. દિવ્યરાજસિંહ ઝાલા તથા પો.કો. નિકુંજભાઇ મારવીયા વિગેરે સાથે તાત્કાલીક બનાવ વાળી જગ્યા સયાજી હોટલ પાછળ આવેલ ટી.આર.પી. ગેમ ઝોન પર પહોચી ગયેલ હતા અત્રે આગને કાબુમાં લેવા ફાયરની કાર્યરત હતી અને પોલીસ દ્વારા ભીડ નિયત્રણ અને ટ્રાફીક નિયત્રણની કાર્યવાહી ચાલુ હતી અને સાથે સાથે વધુ માણસોની જરૂરીયાત જણાતા ઉપરી અધિ.શ્રી તથા પોલીસ કંટ્રોલ રુમને જાણ કરેલ હતી.

આગ વાળી જગ્યાએ જોતા જે.એસ.પાર્ટી પ્લોટ તથા આશુતોષ પાર્ટી પ્લોટ પર સંયુકતપણે ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર (૧) ધવલભાઇ ભરતભાઇ ઠકકર તથા રેસ વે એન્ટરપ્રાઇઝના ભાગીદારો (૨) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા (૩) કીરીટસિંહ જગદીશસિંહ જાડેજા (૪) પ્રકાશચંદ કનૈયાલાલ હીરન (૫) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી (૬) રાહુલ લલીતભાઇ રાઠોડ આમ ઉપરોકત છએય ભાગીદારો સાથે મળી ટી.આર.પી. ગેમ ઝોન તરીકે ઉપયોગ લઇ ઇન્ડોર આઉટડોર ગેમીંગની પ્રવૃતી ચલાવે છે જેમાં ઇન્ડોર ગેમ ઝોનનો વિભાગ બે થી ત્રણ માળ જેટલુ ઉંચુ તથા આશરે ૬૦ મીટર લાંબુ તથા આશરે ૫૦ મીટર પહોળુ ફેબ્રીકેશનના સ્ટકચર પર ચારેબાજુ પતરાથી કવર કરી બનાવવામાં આવેલ જેના બહારના ખુલ્લા ભાગે ગોકાર્ટીગ વિગેરે અર્થેનુ મેદાન બનાવી જરૂરી સાધનો સાથે સમગ્ર જગ્યાને ટી.આર.પી. ગેમ ઝોન તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે

આ ગેમ ઝોનનુ ૬૦ મીટર લાંબુ તથા આશરે ૫૦ મીટર પહોળુ ફેબ્રીકેશનનુ આખુ સ્ટ્રકચર આગની લપેટમાં આવેલ હોય આ દરમિયાન ફાયર વિભાગ દ્વારા પાણીનો છંટકાવ કરી આગને કાબુમાં લેવાની કાર્યવાહી કરવામાં આવતી હતી અને જે ભાગમાં આગ કાબુમાં આવેલ તે જગ્યાએથી પ્રવેશ કરી ફાયર વિભાગના માણસો દ્વારા આગથી બળેલા માનવ શરીરો બહાર કાઢેલ અને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સીવીલ હોસ્પિટલ ખાતે સત્વરે મોકલી આપવામાં આવેલ હતા. દરમિયાન રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. દ્વારા એ.ડી. નંબર- ૪૩/૨૪ ની આગળની તપાસ અમો તરફ કરેલ જેમાં મરણ જનાર નંબર(૧)એક અજાણ્યો પુરૂષ ઉ.વ. પુખ્ત નંબર(૨) એક અજાણ્યો પુરૂષ ઉ.વ. આશરે પુખ્ત નંબર (૩) એક અજાણ્યો પુરૂષ ઉ.વ. પુખ્ત નંબર (૪) એક અજાણી સ્ત્રી ઉ.વ. પુખ્ત નંબર (૫) એક અજાણ્યો પુરૂષ ઉ.વ.આશરે ૧૭ થી ૨૫ નંબર (૬) એક અજાણ્યો પુરૂષ ઉ.વ. આશરે ૧૭ થી ૨૫ વાળાની એ.ડી.ની તપાસ સંભાળી અમો સીવીલ હોસ્પિટલ ખાતે આગળની તપાસ અર્થે ગયેલ જયા ઉપરોકત મરણજનારના ઇન્કવેસ્ટની કાર્યવાહી મામલતદારશ્રી રૂબરૂમાં ચાલુમાં હતી દરમિયાન બનાવ વાળી જગ્યાએથી ૧૦૮ દ્વારા નીચે મુજબના આગથી બળેલા માનવશરીરો પણ સરકારી હોસ્પિટલ

ખાતે લાવતા નં(૭) એક અજાણી સ્ત્રી ઉ.વ. પુખ્ત નંબર (૮) એક અજાણ્યો પુરૂષ ઉ.વ. આશરે પુખ્ત નંબર (૯) એક અ જાણ્યો પુરૂષ ઉ.વ. આશરે-૧૧ નંબર (૧૦) એક અજાણ્યો પુરૂષ ઉ.વ. .આશરે સગીર નંબર (૧૧) એક અજાણ્યો મનુષય દેહ સ્ત્રી કે પુરુષ છે તે જાણી શકાય નહીં તેવો મૃત દેહ ઉ.વ.આશરે પુખ્ત નંબર (૧૨) એક અજાણ્યા મનુષ્યનો મૃતદેવ જે સ્ત્રી કે પુરુષ છે તે જાણી શકાયેલ નથી ઉ.વ. જાણી શકાયેલ નથી નંબર (૧૩) એક અજાણ્યો પુરૂષ ઉ.વ. આશરે પુખ્ત નંબર (૧૪) એક અજાણ્યો મનુષય દેહ સ્ત્રી કે પુરુષ છે તે જાણી શકાય નહીં તેવો મૃત દેહ ઉ.વ.આશરે પુખ્ત નંબર (૧૫) એક અજાણી સ્ત્રી ઉવ- પુખ્ત નંબર (૧૬) એક અજાણી સ્ત્રી ઉવ- પુખ્ત નંબર (૧૭) એક અજાણ્યો પુરૂષ ઉ.વ. આશરે પુખ્ત નંબર (૧૮) એક અજાણયો પુરુષ ઉ.વ. આશરે સગીર નંબર (૧૯) એક અજાણ્યો પુરૂષ ઉ.વ. આશરે પુખ્ય નંબર ( ૨૦) એક અજાણ્યો પુરૂષ ઉ.વ.આશરે પુખ્ત નંબર (૨૧) એક અજાણી સ્ત્રી ઉવ- આશરે પુખ્ત નંબર (૨૨) એક અજાણ્યો પુરૂષ ઉ.વ. આશરે પુખ્ત નંબર (૨૩) એક અજાણ્યો પુરૂષ ઉ.વ. આશરે ૧૭ થી ૨૫ નંબર (૨૪) એક અજાણી સ્ત્રી ઉ.વ . આશરે પુખ્ત નંબર (૨૫) એક અજાણ્યો પુરૂષ ઉ.વ. આશરે ૧૭ થી ૨૧ નંબર (૨૬) એક અજાણ્યો પુરૂષ ઉ.વ. આશરે પુખ્ત નંબર (૨૭) એક અજાણ્યો પુરૂષ ઉ.વ. આશરે પુખ્ત નંબર (૨૮) માનવ શરીરના અંગો માનવ શરીરના અંગો સહી તના ઉપરોકત માનવ શરીરને પણ ડો.શ્રી દ્રારા મરણ જાહેર કરેલ જે તમામના મરણોતર ફોર્મ તથા ઇન્કવેસ્ટની કામગીરી દરમિયાન જણાઇ આવેલ કે આ તમામ ક્રમ નંબર-૧ થી ૨૮ ના મૃત્યુ આગથી સળગી જવાના કારણે થયેલ છે. જે બાબ તે પી.એમ.ની કાર્યવાહી અર્થે જરૂરી યાદી ડો.શ્રી ને યાદી પાઠવવામાં આવેલ. દરમિયાન ગીરીરાજ હોસ્પીટલના ડો.શ્રી કરૂ ણા સવસાણીની એમ.એલ.સી. નોંધ લખાવ્યા મુજબ (૧) ધુમીતભાઇ કુજડીયા ઉવ-૧૦ (૨) મનીષભાઇ ખીમસુરીયા ઉ વ-૨૧ (૩) જીજ્ઞાબા જાડેજા ઉવ્-૪૧ વાળા પણ ઉપરોકત બનાવના ભોગબનનાર હોય અને સાદી થી લઇ ગંભીર ઇજા પામતા સારવાર હેઠળ છે.

આ બનાવ અંગે આગ બુજાવવાની કામગીરીમાં રોકાયેલ ફાયર અધિકારી ભીખાભાઇ જીવાભાઇ ઠેબા ઉવ- ૫૪ ધંધો- ડે પ્યુટી ચીફ ફાયર ઓફીસર, કનક રોડ ફાયર સ્ટેશન એસ.ટી. બસ સ્ટેશન પાછળ રાજકોટ રહે- ''ઠેબા મંજિ' ગીતાનગર શે.નં-૭ , ગોંડલ રોડ જકાતનાકા રાજકોટ મો.નંબર- ૯૭૧૪૫૦૩૭૧૫ વાળાનુ નિવેદન લેતા જણાવેલ કે '' આ ટી.આર .પી. ગેમ ઝોન સંપુર્ણ ફેબ્રીકેશનના સ્ટકચર પર બનેલ જણાઇ છે જેમાં બેઝ તરીકે લોખંડની એન્ગલો તથા ગેલ્વેનાઇઝના પતરાનો ઉપયોગ કરી બનાવેલ છે જેમાં અંદર અલગ અલગ વિભાગોમાં ગેમ ઝોન બનાવેલી હતી જેમાં ખુબજ મોટા પ્ર માણમાં ઇલકેટ્રીક વાયરીંગ તેમજ એ.સી.ના વેન્ટ લાગેલ હતા જો આ ગેમ ઝોન માં આગ લાગવાની ધટના બને તો તેને પહોચીવળી રોકી શકાય તેમજ મનુષ્યજીવનને બચાવી શકાય તેવા કોઇ ખાસ અસરકારક ફાયર સાધનો જણાઇ આવેલ ન હતા. ઉપરાંત મારી જાણકારી મુજબ આ ટી.આર.પી. ગેમ ઝોન દ્રારા કયારેય ફાયર એન.ઓ.સી. અમારા વિભાગમાં અર જી ઇન્વર્ડ કરેલ નથી કે ફાયર એન.ઓ.સી. મેળવેલ નથી જેથી કોઇપણ પ્રકારની આગની ધટનાને કાબુમાં લેવા માટેની સાધન સામગ્રી ની વ્યવસ્થાન સદર ગેમ ઝોન ના સંચાલકોએ રાખેલ ન હોવાનુ પ્રાથમીક રીતે જણાઇ આવેલ છે.''

ઉપરોકત વિગતો જોતા આ સમગ્ર બનાવ ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર (૧) ધવલભાઇ ભરતભાઇ ઠકકર તથા રેસ વે એન્ટરપ્રાઇઝના ભાગીદારો (૨) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા (૩) કીરીટસિંહ જગદીશસિંહ જાડેજા (૪) પ્રકાશચંદ કનૈ યાલાલ હીરન (૫) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી (૬) રાહુલ લલીતભાઇ રાઠોડ આમ ઉપરોકત છએય ભાગીદારોએ આ ટી.આર.પી. ગેમ ઝોન ખાતે કોઇપણ આગજનીને પહોચી વળવાના પર્યાપ્ત સાધનો કે અગ્નિ સમન વિભાગની જરૂરી મં જૂરી કે એન.ઓ.સી મેળવ્યા વગર માનવ જીવન જોખમાય અને આગનો બનાવ બનયે મનુષ્યના જીવ જાય તેવી જાણકારી હોવા છતા આ ગેમ ઝોનને બનાવી જોખમી રીતે ચાલુ રાખવાને લીધે આ બનાવ બનેલાનુ જણાઇ આવે છે.

જેથી આ ટી.આર.પી. ગેમ ઝોનના સંચાલકો આરોપી ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર (૧) ધવલભાઇ ભરતભાઇ ઠકકર ત થા રેસ વે એન્ટરપ્રાઇઝના ભાગીદારો (૨) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા (૩) કીરીટસિંહ જગદીશસિંહ જાડેજા (૪) પ્ર કાશચંદ કનૈયાલાલ હીરન (૫) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી (૬) રાહુલ લલીતભાઇ રાઠોડ તથા તપાસમાં ખુલે તે તમામ ઇસમોએ આશરે ૫૦ મીટર પહોળુ તથા આશરે ૬૦ મીટર લાંબુ અને બે થી ત્રણ માળ જેટલુ ઉંચુ લોખંડ તથા પતરાનુ ફેબ્રીકેશનથી માળખુ ઉભુ કરી ગેમ ઝોન બનાવી આ ગેમ ઝોનમાં આગ લાગવાની ધટના બને તો તેને પહોચીવળી આગને રોકી મનુષ્યજીવનને બચાવી શકાય તેવા કોઇ અસરકારક ફાયર ફાયટીંગના સાધનો રાખ્યા વગર ઉપરાંત અગ્નિશમન વિ ભાગની એન.ઓ.સી. કે પ્રમાણપત્ર મેળવ્યા વગર આ જોખમી જગ્યામાં ગેમ ઝોન ચલાવી ગેમ ઝોનમાં આગ લાગવાનો

બનાવ બને તો આગ લાગવાથી સાદી / ગંભીર ઈજાથી લઇ માનવ મૃત્યુ થવાની સતપ્રતિશત સંભાવના હોવાની જાણકારી હોવા છતા ગેમ ઝોન ચાલુ રાખી ઉપર મુજબની વિગતે ક્રમ નં(૧) થી ૨૮ માનવોના મૃત્યુ નિપજાવી સાહેદ (૧) ધુમીલ ભાઈ કેતનભાઈ કુજડીયા (૨) મનીષભાઇ રમેશભાઇ ખીમસુરીયા (૩) જીજ્ઞાબા વિરેન્દ્રસિંહ જાડેજા જો ત્યાથી સાદીઈજા તથા મહાવ્યથાઓ સાથે આ ગેમ ઝોનમાંથી નાસીભાગી નીકળેલ ન હોય તો તેઓના પણ મૃત્યુ થવાની પુરી સંભાવના હ તી તેવા જોખમમાં નાખવાનુ કૃત્ય કરેલ હોય આમ ટી.આર.પી. ગેમ ઝોનના ઉપરોકત સંચાલકો તથા તપાસમાં ખુલે તેના સામે મારી શ્રી સરકાર તરફે ફરિયાદ છે.

એટલી મારી શ્રી સ.ત. ફરિયાદ બરાબર અને ખરી છે.

(પી.બી.ત્રાજીયા)

પોલીસ સબ ઈન્સ.

રાજકોટ તાલુકા પો.સ્ટેશન

રાજકોટ શહેર

13 Action Taken : Since the above information reveals commission of offence(s) u/s as mentioned at Item No. 2:
(લીધેલ પગલાં : ઉપરના અહેવાલની ઉપરની આઇટમ નં.(2) માં જણાવ્યા પ્રમાણેનો ગુન્હો બન્યાનું જણાઇ આવતા)

(1) Registered the case and took up the investigation or(કેસની નોંધણી કરી તપાસ હાથ ધ રી છે)

(2) Directed (Name of I.O.) take up the Investigation or(તપાસ કરનાર અધિકારીનું નામ):- વિ નાયક ગોરધનભાઈ પટેલ Rank(હોદ્દો):- નાયબ પોલીસ અધિક્ષક
No.:- vgp260568 to take up the Investigation or(નંબર)

F.I.R. read over to the complainant/informant, admitted to be correctly recorded a nd a copy given to the complainant/informant, free of cost.
(પ્રથમ માહિતી અહેવાલ ફરિયાદી / બાતમીદારને વાંચી સંભળાવેલ છે અને ફરિયાદીએ લખાવ્યા પ્રમાણેજ નોંધવામાં આવે લ છે. તેવુ ફરિયાદી / બાતમીદારે સ્વીકરેલ છે અને ફરીયાદી / બાતમીદારને તેની નકલ વિના મુલ્યે આપવામાં આવી છે.)

R.O.A.C.
(વાંચી સંભળાવવામાં આવ્યું અને તે બરાબર છે.)

Signature of Officer in charge, Police Station
(પોલીસ મથકનો હવાલો ધરાવતા અધિકારીની સહી.)

14 Signature/Thumb Impression of the complainant/informant.
(ફરિયાદી/બાતમીદારની સહી/અંગૂઠાની છાપ)

Name (નામ): મિલા જગમાલભાઈ અડતરીયા

Rank (હોદ્દો): આસીસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર | GPF No (જીપીએફ નંબર): NA

15 Date and time of dispatch to the court.
(ફરિયાદ કૉર્ટમાં રવાના કર્યાની તારીખ અને સમય)
26/05/2024 03:00